# ખુત્બ-એ-ગદીર

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

*www.hajinaji.com*

• **LIKE US ON FACEBOOK** •

**www.facebook.com/HajiNajiTrust**

# નોંધ.....

➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# ખુત્બ-એ-ગદીર

રહમાન અને રહીમ ખુદાના નામથી ( શરૂ કરૂ છું) સર્વે વખાણ એજ ખુદાના માટે લાયક છે જે પોતાની તૌહીદમાં (બંદાની વિચાર મર્યાદાથી) દૂર અને બરતર છે અને પોતાની ચકતાઈમાં નઝદીક છે અને પોતાની સત્તામાં પ્રબળ છે અને પોતાની ખુદાઈના ઉસૂલોમાં અઝીમુશ્શાન છે. અને જે ચીજ જ્યાં જ્યાં છે તે તેની જાણ બહાર નથી. સર્વ મખ્લૂક ઉપર પોતાની દલીલથી ગાલિબ છે. એવો ઈઝઝત અને બુઝુર્ગીવાળો કે હંમેશાથી છે અને એવો પ્રશંસાને પાત્ર છે કે હંમેશા રહેશે. દરેક બુલન્દ ચીજોનો પૈદા કરનાર અને દરેક બિછાએલી (પથરાએલી) વસ્તુઓનો બિછાવનાર. ઝમીન અને આકાશોની વ્યવસ્થા કરનાર. સૌથી વધુ પાકો પાકિઝા કે બધા જ તેનું રટણ

કરનારાઓ છે. સર્વ ફરિશ્તાઓ અને રૂહનો પરવરદિગાર. જે જે વસ્તુઓને પૈદા કરી છે તે દરેક ઉપર એહસાન અને બક્ષિશ કરનાર. તે દરેક આંખોને જુએ છે પણ કોઈ આંખ તેને નથી જોઈ શકતી. કરમ કરવાવાળો અને સહનશીલ, કામ કરવામાં ધૈર્યવાન છે. જેણે દરેક ચીજને પોતાની વિશાળ રહેમતથી હિસ્સો આપ્યો છે. અને મખ્લૂક ઉપર પોતાની નેઅમતથી એહસાન કર્યો છે. બદલો લેવામાં ઉતાવળ નથી કરતો અને ન તો અઝાબ દેવામાં, ભલે પછી લોકો તેને લાયક હોય (છતાં) જલદી નથી કરતો. છુપી વાતોને જાણે છે અને દિલોના હાલથી વાકેફ છે. છુપી વાતો એના ઉપર છુપી નથી રહેતી. અને ન તો છુપી વાતોમાં અને શક પડી શકે છે. દરેક ચીજ તેના ઘેરાવમાં છે અને દરેક ચીજ ઉપર તેનો કાબૂ (ગલબો) છે.

દરેક ચીજમાં તેની કુવ્વત જારી છે. અને દરેક

ચીજ ઉપર તેની કુદરત હાવી છે. કોઈ ચીજ તેના જેવી ( મિસ્લ) નથી પણ તે જ ચીજનો પૈદા કરનાર છે, જ્યારે કે કોઈ ચીજનું અસ્તિત્વ ન હતું, હંમેશાથી છે અને અદલો ઈન્સાફની સાથે હંમેશા બાકી રહેશે.

એ ઝબરદસ્ત હિકમતવાળા ખુદા સિવાય કોઈ મઅબૂદ નથી, તેની શાન એની બલન્દ છે કે (કોઈ) આંખ તેને જોઈ શકે, પણ તે ( દરેક) આંખને જોવે છે. તે સુક્ષ્મ અને માહિતગાર (દરેક વાતની ખબર રાખનાર) છે.

તેની ( સિફાતો)નું વર્ણન કોઈ તેને ( આંખો વડે) જોઈને નથી કરી શકતું. અને ન તો જાહેરી કે છૂપી રીતે કોઈ સમજી શકે છે કે તે શું છે.

પણ એટલું જ કે તેની મારેફત તેણે નક્કી કરેલ માધ્યમ વડે જ થઈ શકે છે.

અને હું એ વાતની ગવાહી આપું છું કે તેની

કુદરતુસીયત હર ઝમાનામાં હાવી છે. અને તેનું નૂર હર હંમેશ છવાએલું છે. અને કોઈપણ સલાહકારની સલાહ વગર જ તેનો હુકમ જારી છે. કામોનો ફેસલો કરવામાં તેનો કોઈ શરીક નથી અને તેના નિર્ણયમાં કોઈ ફેરફાર નથી. અને દરેક વસ્તુની શકલ સૂરત કોઈપણ નમૂના વગર જ બનાવી અને જે કંઈ તેણે પૈદા કર્યું એ એવી રીતે કે નતો કોઈની મદદ લેવી પડી કે ન તો તેમાં તકલીફ ઉઠાવવી પડી. ન કોઈ બહાનાની જરૂર પડી. પૈદા કરવાનો ઈરાદો કર્યો કે તે થઈ ગઈ, અને જ્યારે પણ પૈદા કર્યું (કે તે વસ્તુ તરત જ) અસ્તિત્વમાં આવી ગઈ. અને તે એજ ખુદા છે જેના સિવાય કોઈ મઅબૂદ (ઈબાદત કરવાને લાયક) નથી. જે કારીગરીમાં પૂર્ણ છે. સારી સારી ચીઝ બનાવવાવાળો છે. એવો ઈન્સાફી છે કે કયારેય ઝુલ્મ (અન્યાય) નથી કરતો. અને એવો કરીમ છે કે

સઘળા કાર્યો તેની તરફ રજૂ થનાર છે. અને હું એ વાતની પણ ગવાહી આપું છું કે દરેક ચીજ તેની કુદરતની સામે પસ્ત છે અને દરેક ચીજ તેની હૈબતની સામે જુકેલી છે. તમામ ફરિશ્તાઓનો તે માલિક છે. અને આકાશોને ઘુમતા (ગરદીશમાં) રાખનાર, સૂરજ અને ચંદ્રને પોતપોતાના કામમાં રાખનાર કે તે દરેક પોતપોતાના નિશ્ચિત સમય માટે ભ્રમણ કરતા રહે છે અને રાત્રિને દિવસ ઉપર લપેટી લે છે અને દિવસને રાત્રિ ઉપર લપેટી લે છે કે જે એકબીજાની પાછળ લાગ્યા ચાલ્યા આવે છે.

તે દરેક કિન્નાખોર ઝાલિમોનું માથુ તોડવાવાળો છે અને દરેક સરકશ શૈતાનને હલાક કરવાવાળો છે. નતો તેનો કોઈ મુકાબલો કરવાવાળો છે, અને ન તો કોઈ શરીક. તે એક છે બેનિયાઝ (નિસ્પૃહી) છે. ન તો તેનો કોઈ ફરઝંદ છે અને ન તે કોઈનો ફરઝંદ. (ન તો તેની કોઈ

ઔલાદ છે અને ન તો તે કોઈની ઔલાદ) અને ન તો કોઈ તેનો બરોબરીયો છે. તે એકજ છે. તે મઅબૂદે યકતા છે અને પરવરદિગાર બુઝુર્ગ છે. તે જે ચાહે છે તે થઈ જાય છે. અને જે કાંઈ ઈરાદો કરે છે તેનો તરત જ ફેસલો કરી લે છે. તે જાણે છે ખૂબ સારી રીતે જાણે છે. તે મારનાર છે, તે જીવાડનાર છે. તેજ ફકીરી આપનાર છે અને તેજ અમીરી આપનાર છે. તે હસાવે છે અને તે જ રોવડાવે છે. તેજ નજીક કરે છે અને તેજ દૂર કરે છે. તેજ રોકી લે છે અને તેજ અર્પણ કરે છે. સર્વે અધિકાર તેનો જ છે અને સર્વે પ્રકારની પ્રશંસા તેના માટે જ છે. સઘળી શ્રેષ્ઠતા તેના હાથમાં જ છે. અને તેજ દરેક ચીજ ઉપર સત્તાવાન છે. રાત્રિને દિવસમાં ફેરવી નાખે છે અને દિવસને રાત્રિમાં ફેરવી લે છે.

તે મહાન શક્તિશાળી બક્ષવાવાળા સિવાય

કોઈ ઈબાદતને લાયક નથી. દુઆનો કબૂલ કરવાવાળો અને બક્ષિસોનો ઉદારતાથી અતા કરવાવાળો. જીન્નાતો અને ઈન્સાનોનો પાલનહાર છે. તેના માટે કોઈ ચીજ મુશ્કેલ નથી. નતો ફરિયાદ કરનારાઓની ફરિયાદ તેને ચિંતિત કરી શકે છે. અને ન તો રૂદન અને વિલાપ કરનારાઓનું રૂદન તેને વ્યાકુળ બનાવી શકે છે. નેક બંદાઓને બચાવવાવાળો અને નજાત પામનારાઓને પ્રેરણા આપનાર, સકળ સૃષ્ટિનો સરદાર છે. જેને જેને તેણે પૈદા કરેલ છે એ દરેક ઉપર તે એવો હક ધરાવે છે કે એ દરેક તેનો શુક્ર અદા કરે તેમજ દરેક સુખ દુઃખમાં અને મુસીબતોમાં તથા આસાનીઓમાં તેની સ્તુતિ કરે.

હું તેના ઉપર, તેના ફરિશ્તાઓ ઉપર, તેની કિતાબો ઉપર અને રસૂલો ઉપર ઈમાન રાખું છું. તેના આદેશને સાંભળું છું અને તેને અનુસરવા

માટે હાજર. અને જે કંઈ તેને પસંદ છે તેને બજાવી લાવવા માટે તૈયાર. અને તેના ફેસલાને માનવા માટે તૈયાર એવી ખ્વાહિશથી કે તેની ઈતાઅત માટે તત્પર છું. તેમજ એવા ખૌફથી પણ કે તેના સજા આપવાથી ડરૂ છું એટલા માટે કે તેના બદલો લેવાથી નિર્ભય ન રહેવું જોઈએ અને એવો કોઈ ખૌફ ન રાખવો જોઈએ કે તેના તરફથી કોઈ ઝુલ્મ થશે. હું સ્વયં પોતાની ઝાત માટે તેના બંદા હોવાનો ઈકરાર કરૂ છું અને તેના માટે માલિક હોવાની ગવાહી આપું છું. અને તેણે જે કંઈ મારા ઉપર વહી કરી છે તેને અદા કરૂ છું, એ ખૌફથી કે જો હું એ (પ્રમાણે) ન કરૂ તો મારા ઉપર એવી બલા નાઝિલ થશે કે જેને મારાથી કોઈ દફે (દૂર) નહીં કરી શકે. ચાહે ગમે એવો મોટો તદબીરકાર (યુક્તિબાજ) કેમ ન હોય. તે ખુદા સિવાય કોઈ મઅબૂદ નથી. તેણે મને એ વાતથી ખબરદાર કર્યો

છે કે અત્યારે જે હુકમ મારા ઉપર નાઝિલ થયો છે, જો તેને હું ન પહોંચાડુ તો જાણે કે મેં તેની રિસાલતનું કંઈ કામ નથી કર્યું. ચોક્કસ તે બુઝુર્ગ અને બરતર ખુદાએ એ વાતની ઝમાનત આપી છે કે તે મને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે અને અલ્લાહ જ કાફી છે અને કરીમ છે. જેણે મારા ઉપર આ શબ્દોમાં વહી ફરમાવી છે. "બિસ્મિલ્લા હિરરહમા નિરરહીમ. અય રસૂલ જે કંઈ હઝરત અલી અલયહિસ્સલામના બારામાં ( એટલે કે હઝરત અલી અલયહિસ્સલામની ખિલાફતના બારામાં) તમારા રબ તરફથી તમારા ઉપર જે નાઝિલ કરવામાં આવ્યું છે તેને પહોંચાડી દયો. અને જો એ પ્રમાણે નથી કર્યું તો જાણે તમે તેની રિસાલત પહોંચાડી જ નથી. અને અલ્લાહ તમને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે."

એ લોકો! જે કંઈ પણ તેણે નાઝિલ

ફરમાવ્યું છે તેને પહોંચાડવામાં મેં ક્યારે પણ કચાસ (કમી) નથી કરી. અને હવે હું આ આયતની શાને નુઝુલ પણ તમારી સામે ખુલાસાવાર બયાન કરી દઉં છું.

જિબ્રઈલ મારા પાસે ત્રણ વખત આવ્યા અને મારો પરવરદિગાર જે પોતે જ સલામ (સલામતી આપનાર) છે તેના તરફથી સલામ સાથે આ હુકમ લાવ્યા કે હું જે જગ્યાએ ઊભો છું (એજ જગ્યાએ) દરેક ગોરા અને કાળાને એ વાતની ખબર આપી દઉં કે હઝરત અલી અલય્હિસ્સલામ મારા ભાઈ, વસી અને મારા ખલીફા અને મારા પછી મારા ઈમામ છે. તેમની મારાથી એજ મન્ઝેલત છે (મરતબો અને સ્થાન) છે જે હારૂન અલય્હિસ્સલામની હઝરત મૂસા અલય્હિસ્સલામથી હતી. ફર્ક માત્ર એટલો જ છે કે મારા પછી કોઈ નબી નથી, પરંતુ અલ્લાહ અને

તેના રસૂલની પછી તે તમારા દરેકના વલી છે. અને આ બારામાં અલ્લાહ તઆલા મારા ઉપર પોતાની કિતાબમાં એક આયાત નાઝિલ ફરમાવી ચુકયો છે કે "બસ એના સિવાય કંઈ નથી કે તમારો વલી અલ્લાહ છે અને તેનો રસૂલ અને એ લોકો જેઓ ઈમાન લાવ્યા છે જેઓ નમાઝ પડે છે અને રૂકુઅની હાલતમાં ઝકાત આપે છે." અને હઝરત અલી બિન અબી તાલિબ ( અલય્હિસ્સલામ) નમાઝ પડયા અને રૂકુઅની હાલતમાં ઝકાત આપી અને હર હાલમાં ખુદાની ખુશનુદી તેમની નઝર સમક્ષ હતી.

એ લોકો મેં જિબ્રઈલે અમીનથી એવી ઈચ્છા રાખી કે આ હુકમ તમારા સુધી પહોંચાડવાથી ખુદાએ તઆલા મને દરગુઝર કરે એટલા માટે કે હું જાણું છું કે તમારામાં મુત્તકી બહુ જ ઓછા અને મુનાફિક વધારે છે. અને

ગુનેહગારો પ્રપંચ માટે તૈયાર છે, અને ઈસ્લામની હંસી ઉડાવનારા છળકપટ માટે તૈયાર છે. આ એજ લોકો છે જેનું વર્ણન ખુદાએ તઆલાએ પોતાની કિતાબમાં આ રીતે કર્યું છે. "તેઓ પોતાની જીભે એ બધું કહે છે જે તેઓના દિલોમાં નથી હોતું. અને તેઓ આને મામૂલી વાત સમજે છે પણ અલ્લાહની નઝરમાં આ બહુ જ સખ્ત વાત છે." અને તે લોકો મને ઘણી વખત દુઃખ પહોંચાડી ચૂકયા છે ત્યાં સુધી કે તેઓએ મારૂ નામ રાખ્યું કે આ 'કાન' (એકલા કાનજ) છે અને મને એવો જ ધારી પણ લીધો.

આ એટલા માટે કે હું હઝરત અલી અલય્હિસ્સલામને મારી નિકટ વધારે રાખુ છું અને તેની તરફ વધારે લક્ષ સેવું છું.

ત્યાં સુધી કે આ વિશે અલ્લાહ તઆલા એ મારા ઉપર આયત નાઝિલ કરી કે "અને તેઓમાંથી

એવા પણ છે જેઓ નબીને તકલીફ પહોંચાડે છે. અને કહે છે કે તે (નબી) કાન જ છે. તો જેઓ તમને એમજ સમજે છે તેઓને કહી દયો કે તેનું (નબીનું) કાન હોવું તમારા માટે બહેતર છે."

જો હું ચાહું તો તેઓના નામ જણાવી શકું છું અને જો ચાહું તો તેઓની તરફ ઈશારો પણ કરી શકું છું અને જો ચાહું તો તેની નિશાની પણ બતાવી શકું છું. પણ ખુદાની કસમ મેં તેઓના દરેક વ્યવહારની સામે નમ્ર અખ્લાકથી વર્તાવ કર્યો છે.

પરંતુ અલ્લાહ તઆલા મારા આ કોઈ ઉઝર (કારણો, સબબ) માન્ય ન રાખીએ એજ હુકમ આપે છે કે મારા તરફથી જે કંઈ અત્યારે નાઝિલ થયું છે તેને પહોંચાડી દયો. (પછી આ આયત પડયા)

"એ રસૂલ જે કંઈ અલી અલયહિસ્સલામ

વિશે તમારા પરવરદિગાર તરફથી તમારી ઉપર નાઝિલ કરવામાં આવ્યું તે પહોંચાડી દયો, જો તમે એ પ્રમાણે નથી કર્યું તો (જાણે કે) તમે તેની રિસાલત ન નથી પહોંચાડી, અને અલ્લાહ તમને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે."

તો એ લોકો તમે જાણી લ્યો કે અલ્લાહે હઝરત અલી અલય્હિસ્સલામને નિ:સંશય તમારા માટે એવા વલી અને એવા ઈમામ નિયુકત કરી દીધા છે જેની ઈતાઅત (અનુસરણ) મુહાજેરીન ઉપર પણ લાઝિમ (અનિવાર્ય) છે અને અન્સાર ઉપર પણ અને નેકીમાં જેઓ તેના તાબે (અનુકરણ કરે) છે તેઓના ઉપર પણ અને જંગલી (વનવાસી લોકો) ઉપર પણ અને શહેરી લોકો ઉપર પણ, અજમી (અરબ બહારના) ઉપર પણ અને અરબી (અરબના) ઉપર પણ, આઝાદ ઉપર પણ અને ગુલામ ઉપર પણ, નાના ઉપર પણ અને

મોટા ઉપર પણ, ગોરા ઉપર પણ, અને કાળા ઉપર પણ. તેમજ ખુદાને એક માનનારા સર્વો ઉપર તેનો ( હઝરત અલી અલયહિસ્સલામનો) હુકમ લાગુ પડશે, તેનો આદેશ માનવો પડશે, તેનું ફરમાન નાફિઝ (જારી) થશે. જે તેની અવજ્ઞા કરશે તે મલઊન ( લાનતને પાત્ર) થઈ જશે. અને તેનું અનુકરણ કરશે તથા તેનું સમર્થન કરશે તેની ઉપર રહેમ કરવામાં આવશે અને અલ્લાહે પોતે જ તેને બક્ષી દીધેલ છે. અને જે તેની વાત સાંભળીને તેનું અનુસરણ કરશે તથા તેનું સમર્થન કરશે તેની ઉપર રહેમ કરવામાં આવશે અને અલ્લાહે પોતે જ તેને બક્ષી દીધેલ છે. અને જે તેની વાત સાંભળીને તેનું અનુસરણ કરશે તેને પણ.

એ લોકો આ આખરી મુકામ છે કે હું આજ જગ્યાએ આમને કાએમ મકામ ( ઉત્તરાધિકારી) બનાવું છું.

બસ તમે સાંભળો અને માનો અને પોતાના પરવરદિગારની આજ્ઞાનું પાલન કરો. ખુદાએ અઝઝો જલ્લ તમારો પાલનહાર તમારો વલી અને તમારો મઅબૂદ છે તેની પછી તેનો રસૂલ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તમારો વલી છે જે અત્યારે (તમારી સામે) ઊભો છે, તમારી સાથે વાત કરી રહ્યો છે. મારા પછી તમારા પરવરદિગારના હુકમથી હઝરત અલી અલય્હિસ્સલામ તમારો વલી અને તમારો ઈમામ છે. અને કયામતના દિવસ સુધી કે જે દિવસે તમે અલ્લાહ અને તેના રસૂલની સમક્ષ પહોંચશો (ત્યાં સુધી) ઈમામત મારી ઔલાદમાં રહેશે જે હઝરત અલી અલય્હિસ્સલામના વંશમાંથી હશે.

અલ્લાહે જે જે ચીજો હલાલ ઠેરવેલ છે એ સિવાય કોઈ ચીજ હલાલ નથી, અને અલ્લાહે જે ચીજ હરામ કરેલ છે એ સિવાય કોઈ ચીજ હરામ

નથી. તેણે મને હલાલ તથા હરામની પહેચાન આપી દીધી છે, અને મેં મારા રબની કિતાબનું ઈલ્મ અને હલાલ તથા હરામનું ઈલ્મ હઝરત અલી અલય્હિસ્સલામને સુપુર્દ (હવાલે) કરી દીધું. એ લોકો ! કોઈ ઈલ્મ એવું નથી જેને ખુદાએ તઆલાએ મારામાં સમાવી દીધું ન હોય, અને મેં એ બધું ઈમામુલ મુત્તકીન હઝરત અલી અલય્હિસ્સલામને સુપુર્દ ન કર્યું હોય, કોઈ ઈલ્મ એવું નથી કે મેં હઝરત અલી અલય્હિસ્સલામને તાલીમ ન કર્યું હોય. આજ ઈમામે મોબીન છે.

લોકો ! તેનાથી બહેકી જઈને અન્ય કોઈ તરફ જશો નહીં, તેનાથી અલગ થશો નહીં, અને તેને હાકિમ બનાવવાથી નફરત નહીં કરતા. એટલા માટે કે તેજ હકની હિદાયત કરશે. અને તેજ હક ઉપર અમલ કરશે અને તેજ બાતિલને કમઝોર કરશે અને તેને રોકશે. કોઈ નિંદા કરનારની

નિંદા તેને અલ્લાહના કામથી રોકશે નહીં. અને એ પણ જાણી લ્યો કે આજ પહેલા શખ્સ છે જે અલ્લાહ અને તેના રસૂલ ઉપર ઈમાન લાવ્યા છે જેણે અલ્લાહના રસૂલ ઉપર પોતાની જાન ફિદા કરી અને રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે રહીને અલ્લાહની ઈબાદત કરવામાં મરદોમાંથી તેના સિવાય કોઈ ન હતું.

લોકો ! તેની ફઝીલતને માનો, કેમકે અલ્લાહે તેને ફઝીલત આપી છે. અને તેની ઈમામતને માનો કેમકે અલ્લાહે તેમને ઈમામ નિયુકત કરેલ છે. લોકો ! આ અલ્લાહની તરફથી ઈમામ છે. અને અલ્લાહ કોઈ એવા શખ્સની તૌબા કબૂલ નહીં કરે કે જે તેની વિલાયતનો ઈન્કાર કરનાર હોય. અને કયારેય પણ તેને માફ નહીં કરે અને અલ્લાહ ઉપર એ લાઝિમ (જરૂરી) છે કે હઝરત અલી અલયહિસ્સલામના આદેશનું

ઉલ્લંઘન કરે તેની સાથે એવોજ વર્તાવ કરે કે તેને હંમેશા હંમેશા માટે સખ્તથી સખ્ત તેમજ અનોખાથી અનોખો અઝાબ આપે. બસ તમે તેની અવજ્ઞા કરવાથી બચતા રહેજો કે કયાંક એ આગમાં ન ચાલ્યા જાવ કે જેનું ઈંધન (બળતણ) માણસો તથા પત્થર હશે, જે કાફિરો માટે જ તૈયાર કરવામાં આવી છે.

એ લોકો ! પહેલાના નબીઓ તથા રસૂલોને મારાથી જ બશારત આપવામાં આવી છે. અને હુંજ સર્વો નબીઓ અને રસૂલોમાં આખરી છું. અને હુંજ આસમાનોના રહેવાવાળા અને જમીનો ઉપર રહેવાવાળા તમામ મખ્લૂક ઉપર અલ્લાહની હુજ્જત છું. તો જે એમાં શક કરે તે એવો જ કાફિર છે જેવો કે આ પહેલા જાહેલિયતના ઝમાનામાં કાફિરો હતા અને જે મારા આ ફરમાનમાં જરા પણ શક કરે તો જાણે કે તેણે દરેક

બાબતમાં શક કર્યો અને જે દરેક બાબતમાં શક કરનારો છે એના માટે જહન્નમ તૈયાર છે.

એ લોકો અલ્લાહ તઆલાએ પોતાના એહસાનો કરમથી મને આ ફઝીલત અતા કરી છે જે નિરંતર મળતી રહે છે. તે ખુદાની સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, હર હંમેશ અને હર હાલમાં હું તેનીજ હમ્દો સના (સ્તુતિ અને વખાણ) કરતો રહું છું, એ લોકો હઝરત અલી અલયહિસ્સલામને અફઝલ સમજો, કેમકે મારા પછી દરેક મર્દ અને ઔરત તમામ લોકોથી તે અફઝલ છે.

અમારા જરીએ જ અલ્લાહ તઆલા રિઝક (રોઝી) નાઝિલ કરે છે. અને (અમારા થકીજ) સર્વ સૃષ્ટિ બાકી છે. જે કોઈ મારા આ ફરમાનને રદ કરશે તે મલઊન છે (લાનત પામેલો છે) મગઝૂબ છે મગઝૂબ છે ( ગઝબ પામેલો છે) ભલે તેના ખ્યાલની બહાર હોય.

આગાહ થઈ જાઓ કે જિબ્રઈલે અમીને ખુદા તરફથી મને સંદેશો પહોંચાડયો છે. અને તે પોતે પણ એ ફરમાવે છે કે જે માણસ હઝરત અલી અલયહિસ્સલામથી દુશ્મની રાખે અને મોહબ્બત ન રાખે તો તેની ઉપર મારી લાનત થશે અને મારો ગઝબ (પ્રકોપ) પણ થશે.

તો દરેક જણે એ વિચારવું જરૂરી છે કે પોતે કાલ માટે આગળ શું મોકલે છે, અલ્લાહથી ડરો અને તેના હુકમથી મોઢુ ન ફેરવો કે સાબિત કદમી પછી કદમ ડગમગી ન જાય. નિ:સંશય તમે જે કંઈ કરો છો ખુદાએ તઆલા તેનાથી સારી રીતે વાકિફ છે.

એ લોકો તે (હઝરત અલી અલયહિસ્સલામ) જમ્બુલ્લાહ (અલ્લાહનો હક - અલ્લાહ પ્રત્યેની ફરજ) છે. અલ્લાહે પોતાની કિતાબમાં ફરમાવ્યું છે કે "અમુક લોકો એમ કહેશે કે અફસોસ મેં

જમ્બુલ્લાહ પ્રત્યે - સાથે (અલ્લાહ પ્રત્યેની મારી) ફરજ બજાવવામાં કેવી કમી રાખી" - (સૂરએ ઝોમર આ. ૫૬)

એ લોકો ! કુરઆને મજીદમાં ચિંતન કરો અને એની આયતોને સમજો અને એની મુહકમાત (સ્પષ્ટ અર્થ દર્શાવતી આયતો) માં નઝર કરો અને એની મુતશાબેહાત ( ગુઢાર્થવાળી આયતો) ની પૈરવી ન કરો.

ખુદાની કસમ આ શખ્સની સિવાય જેનો મેં હાથ પકડેલો છે અને જેને મેં મારી તરફ ઉઠાવેલા છે અને બાઝુ ( બાવડુ) પકડેલું છે તેની સિવાય કોઈ કુરઆનની તમ્બીહ ( ચેતવણીઓ) ને ખુલાસાવાર બયાન નહીં કરે અને તમારા માટે કુરઆનની તફસીરની સ્પષ્ટતા કોઈ બયાન નહીં કરે. અને આની સિવાય કોઈ તમને શીખવાડનાર નથી. અને આના સંબંધમાં જ હું તમને બતાઉં છું

કે "બેશક જેનો હું મૌલા છું, આ અલી અલયહિસ્સલામ પણ તેનો મૌલા છે અને આજ અલી બિન અબી તાલીબ અલયહિસ્સલામ મારો ભાઈ અને મારો વસી છે અને આમનું વલી હોવું અલ્લાહની તરફથી છે અને તેણે જ મારી ઉપર નાઝિલ કર્યું છે."

એ લોકો ! આ અલી અલયહિસ્સલામ અને જેટલા મારી ઔલાદમાંથી માસૂમ છે, તે બધાજ સકલે અસગર છે અને કુરઆને મજીદ સકલે અકબર છે. ( સકલૈન એટલે બે મહાભારી વસ્તુમાંથી એહલેબૈત અલયહેમુસ્સલામ સકલે અસગર (નાનુ) અને કુરઆન સકલે અકબર (મોટું) સકલૈન દ્વિ વચન છે અને સકલ એક વચન છે, સકલ એટલે મહાભારી - અનુવાદક)

જેઓ બન્ને પોતાના સાથી વિશે ખબર આપનાર છે અને બન્ને એકબીજાથી જોડાયેલા

છે. આ બન્ને કયારેય વિખુટા નહીં પડે, જયાં સુધી હૌઝે કવસર ઉપર મારી પાસે ન પહોંચે. તેઓ ખુદા તઆલાની મખ્લૂકમાં તેના અમાનતદાર છે, અને અલ્લાહની ઝમીન ઉપર તેના નિયુકત કરેલા હાકિમ છે. આગાહ થઈ જાવ કે મેં અદા કરી દીધું, સમજી લ્યો કે મેં પહોંચાડી દીધું. હોશિયાર રહો કે મેં સંભળાવી દીધું, ખબરદાર થઈ જાવ કે મેં ખોલીને સાફ બયાન કરી દીધું. જૂઓ, ખુદાએ અઝઝો જલ્લએ ફરમાવ્યું અને મેં ખુદાએ અઝઝો જલ્લની તરફથી સંભળાવી દીધું. સમજી લ્યો આ મારા ભાઈની સિવાય (અન્ય કોઈ) અમીરૂલ મોઅમેનીન નથી. અને મારા પછી મોઅમિનોની હુકુમત અને સરદારી આની સિવાય કોઈ બીજા માટે જાએઝ નથી.

પછી હઝરત અલી અલયહિસ્સલામના

બાઝુ ઉપર હાથ મારીને એટલા ઉંચા કર્યા (પકડીને ઉંચા કર્યા) કે હઝરત અલી અલય્હિસ્સલામના પગ હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ગોઠણ સુધી આવી ગયા, જોકે હઝરત અલી અલય્હિસ્સલામનો હાથ તો એ વખતથીજ પકડેલ હતા કે જયારથી હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા હતા. પછી ફરમાવ્યું એ લોકો આ ( અલી અલય્હિસ્સલામ) મારો ભાઈ, મારો વસી, અને મારા ઈલ્મનો ખઝાનેદાર છે, અને મારી ઉમ્મત ઉપર તેમજ કિતાબે ખુદાની તફસીર ઉપર મારો ખલીફા છે, અને ખુદાની તરફ બોલાવનાર (દઅવત આપનાર) છે. અને અલ્લાહ જે જે બાબતને પસંદ કરે છે તેની ઉપર અમલ કરનાર છે. અને ખુદાના દુશ્મનોથી લડવાવાળો છે અને

ખુદાની ઈતાઅત પર દોસ્તી કરવાવાળો છે અને ખુદાની નાફરમાનીથી રોકવાવાળો છે. અલ્લાહના રસૂલનો ખલીફા, મોઅમિનોના અમીર છે. અલ્લાહ સુધી પહોંચાડનાર છે. અને ખુદાના હુકમથી નાકેસીન ( અહદ તોડનારાઓ) સામે, કાસેતીન ( હુકમથી ફરી જનારા) સામે અને મારેકીન ( દીનથી ખારિજ થઈ જનારા) સામે લડવાવાળો છે. હું મારા પરવરદિગાર ખુદાએ તઆલાના હુકમ મુજબ કહું છું અને મારી વાત પલટાશે નહીં. હું ખુદાના હુકમથી કહું છું કે એ અલ્લાહ, તું એનાથી દોસ્તી રાખ જે આનાથી (હઝરત અલી અલયિહિસ્સલામથી) દોસ્તી રાખે, અને એનાથી દુશ્મની રાખ જે આનાથી દુશ્મની રાખે, અને જે આનો ઈન્કાર કરે એના ઉપર લાનત કર. જે આના હકનો ઈન્કાર કરે એના ઉપર ગઝબ (પ્રકોપ) નાઝિલ કર.

યા અલ્લાહ ! તેં મારા ઉપર આ આયત નાઝિલ કરી કે ઈમામત તારા વલી અલી અલયહિસ્સલામ માટે છે અને જયારે મેં તેને ખુલાસાવાર બયાન કર્યું અને હઝરત અલી અલયહિસ્સલામને મારા જાનશીન નિયુકત કરી દીધા તો તે એ આયત નાઝિલ કરી જેનાથી પોતાના બંદાના દીનને પૂર્ણ કરી દીધો. અને તેઓ ઉપર તારી નેઅમત પૂરી કરી દીધી અને તે તેઓના માટે દીને ઈસ્લામને પસંદ કર્યો.

પછી તે ફરમાવ્યું કે જે શખ્સ ઈસ્લામ સિવાય અન્ય દીન ધારણ કરશે તો તે દીન તેનાથી કબૂલ રાખવામાં નહીં આવે અને તે આખેરતમાં નુકશાન ઉઠાવનારાઓમાંથી હશે.

યા અલ્લાહ ! હું તને ગવાહ બનાવું છું કે મેં પહોંચાડી દીધું. એ લોકો ! બસ એ સિવાય કંઈ નથી કે ખુદાએ અઝઝો જલ્લએ આમની (હઝરત

અલી અલય્હિસ્સલામની) ઈમામતની સાથે દીનને પૂર્ણ કર્યો. બસ તો જે માણસ આને (હઝરત અલી અલય્હિસ્સલામને) ઈમામ ન માને અને તેમના પછી કયામત સુધી મારી ઔલાદમાંથી અને આમના વંશમાંથી જે તેમના જાનશીન છે તેઓને ઈમામ ન માને તો જયારે તેને અલ્લાહની સમક્ષ રજુ કરવામાં આવશે તો તે એજ લોકો હશે જેઓના આમાલ બેકાર કરી દેવામાં આવશે અને તેઓ હંમેશા હંમેશા જહન્નમમાં રહેવાવાળા હશે. અલ્લાહ તેઓના અઝાબમાં નરમી (ઘટાડો) નહીં કરે. અને ન તો તેઓને મોહલત આપવામાં આવશે.

એ લોકો! આ હઝરત અલી અલય્હિસ્સલામ તમારા સર્વો કરતા મારી મદદ કરનારા છે અને તમારા બધા કરતા વધારે મારા હકદાર છે અને તમારા બધા કરતા વધારે મારાથી

નઝદીકી રાખનારા છે અને તમારા બધા કરતા વધારે મારા અઝીઝ (સ્વજન અને પ્યારા) છે. ખુદાએ અઝ્ઝો જલ્લ અને હું બંને તેનાથી રાઝી છીએ, ખુશનુદીએ ખુદાની કોઈ આયત એવી નથી ઉતરી જે આમના સબંધમાં ન હોય. અને મોઅમિનોને કોઈ જગ્યાએ અલ્લાહે સંબોધિત નથી કર્યા પરંતુ શરૂઆત આનાથી જ કરી છે. અને કુરઆને મજીદમાં પ્રશંસાની કોઈ આયત એવી નથી નાઝિલ થઈ જે આમની શાનમાં ન હોય. અને અલ્લાહ તઆલાએ સૂરએ 'હલ અતા અલલ ઈન્સાને' માં જન્નતની ગવાહી - શહાદત ખાસ આના માટે આપી છે, અને એ સૂરો આના સિવાય કોઈ બીજા અન્યની શાનમાં નાઝિલ નથી થયો. અને ન તો આના સિવાય અન્ય કોઈની આ (સૂરામાં) તારીફ઼ કરી છે.

એ લોકો ! આ અલ્લાહના દીનની નુસરત

(મદદ) કરવાવાળા અને અલ્લાહના રસૂલની તરફથી જંગ કરવાવાળા છે અને તે તકી, નકી, હાદી અને મહદી છે. (અલ્લાહના પસંદ પામેલા, અલ્લાહે ચૂંટેલા, અલ્લાહ સુધી પહોંચવામાં (હિદાયત કરનાર) અને ખુદ હિદાયત પામેલા છે. તમારા નબી સૌથી શ્રેષ્ઠ નબી અને તમારા વસી સૌથી શ્રેષ્ઠ વસી છે અને તેની ઔલાદમાંથી બેહતરીન વસીયો થશે.

લોકો ! દરેક નબીનો વંશ તેની પોતાની ઔલાદમાંથી છે અને મારો વંશ હઝરત અલી અલય્હિસ્સલામની ઔલાદથી છે.

લોકો ! ઈબ્લીસે હઝરત આદમ અલય્હિસ્સલામને હસદ ( ઈર્ષા)ના કારણે જન્નતમાંથી કઢાવ્યા. તમે હઝરત અલી અલય્હિસ્સલામ સાથે હસદ નહીં કરતા, નહીંતર તમારા દરેક આમાલ બેકાર થઈ જશે. અને તમારા

કદમ ડગમગી જશે. હઝરત આદમ અલયહિસ્સલામને માત્ર એક તર્કે ઔલાના કારણે જમીન ઉપર ઉતારવામાં આવ્યા હતા. જોકે તેઓ ખુદાના ચૂંટાએલા બંદા હતા છતાં, તો પછી તમારી શું હાલત થશે કે જે હાલતમાં તમે જે કંઈ છો. અને તમારામાંથી અમૂક તો ખુદાના દુશ્મન પણ છે. જાણી લ્યો કે હઝરત અલી અલયહિસ્સલામની સાથે શકી (બદબખ્ત) સિવાય કોઈ બુગ્ઝ ( કિનો - વેરભાવ) નહીં રાખે અને અલ્લાહે પસંદ કરેલા બંદાઓ સિવાય કોઈ અલી અલયહિસ્સલામનો દોસ્ત નહીં બને. અને મોઅમિને ખાસ ( મુખ્લિસ મોઅમિન) સિવાય અન્ય કોઈ એમના ઉપર ઈમાન નહીં લાવે.

વલ્લાહ ( કસમ ખુદાની) હઝરત અલી અલયહિસ્સલામ વિશે અલ્લાહ તઆલાએ સૂરએ અસ્ર નાઝિલ કર્યો છે. પછી બિસ્મિલ્લા હિર્રહમા

નિર્રહીમ કહીને આં હઝરત સલ્લલ્લાહો અલયહે વઆલેહી અસલ્લમે સૂરએ વલઅસ્રની તિલાવત કરી.

પછી ફરમાવ્યું કે એ લોકો ! મેં અલ્લાહને સાક્ષી રાખીને રિસાલત તમારા સુધી પહોંચાડી દીધી અને રસૂલની જવાબદારીમાં વિગતવાર પહોંચાડી દેવા સિવાય કંઈ નથી.

લોકો ! અલ્લાહથી એવા ડરો કે જેવો ડરવાનો હક છે અને જયાં સુધી તસ્લીમ કરનારા ન બનો ત્યાં સુધી હરગિઝ ન મરશો.

લોકો ! અલ્લાહ ઉપર અને તેના રસૂલ ઉપર અને એ નૂર ઉપર જે તેની (રસૂલની) સાથે જ નાઝિલ કરવામાં આવ્યું. ઈમાન લાવો એ પહેલા કે અમે ચહેરાઓ બગાડી દઈને તેઓને તેઓની પીઠ તરફ ફેરવી દઈએ.

લોકો ! ખુદાએ અઝઝો જલ્લની તરફથી એ

નૂર મારામાં મૌજૂદ છે. પછી એ નૂર હઝરત અલી અલયહિસ્સલામમાં ચાલ્યું જશે એ પછી એમની નસ્લમાં મહદી કાએમ સુધી રહેશે જે અલ્લાહના હકનો હિસાબ - બદલો લેશે તેમજ અમારા હકનો પણ, એટલા માટે કે અલ્લાહ અઝઝ વ જલ્લએ સઘળી દુનિયામાં ( આ બન્ને હકની) કમી કે કોતાહી કરનારા ઉપર, વેર રાખનારાઓ ઉપર, દુશ્મની રાખનારાઓ ઉપર, ખયાનાત કરનારા (હક ઓળવી લેનારા) ઉપર, ગુનાહો કરનારા ઉપર અને ઝુલ્મ કરનારા ઉપર અમોને હુજજત નિયુકત કરેલ છે.

લોકો ! હું તમને (એ વાતથી) ડરાવું છું કે હું તમારા સર્વો ઉપર અલ્લાહનો રસૂલ છું. મારા પહેલા પણ રસૂલો આવી ચુકયા છે. જો હું મરી જઈશ અથવા કત્લ કરવામાં આવું તો શું તમે તમારા ભૂતકાળની તરફ પાછા ફરી જશો ?!! અને

જે કોઈ પોતાના ભૂતકાળની તરફ પાછો ફરી જશે તો તે અલ્લાહનું કદી પણ કંઈ જ નહીં બગાડે. અને શુક્રગુઝાર બંદાઓને જ જઝાએ ખૈર (સારો બદલો) અતા કરશે. આગાહ રહો કે હઝરત અલી અલયહિસ્સલામ સબ્ર અને શુક્રથી ગુણવાન (પ્રશંસ્ય) છે અને એમના પછી મારી એ ઔલાદ જે એમના વંશથી છે.

લોકો ! તમે અલ્લાહ તઆલા ઉપર તમારા ઈસ્લામ ( મુસ્લિમ હોવા) નો અહેસાન ન જતાવો. નહીંતર એ તમારાથી નારાઝ થઈ જશે અને એના તરફથી તમને અઝાબ થશે. ખરેખર તે એવા લોકોના લાગમાં - તાકમાં છે.

લોકો ! નજીકમાં મારા પછી એવા પેશવાઓ થશે જેઓ જહન્નમ તરફ બોલાવશે. અને કયામતના દિવસે તેઓને મદદ કરવામાં નહીં આવે. એ લોકો એમાં કોઈ શક નથી કે અલ્લાહ

તઆલા તથા હું બંને તેઓથી બરી (અળગા) છીએ. લોકો! નિસંશય તેઓ તથા તેઓના અનુયાયીઓ (તેઓને અનુસરનારા) તથા તેઓની મદદ કરનાર (બધાજ) જહન્નમના સૌથી નીચેના તબક્કા (સ્તર)માં હશે. ખરેજ અહંકારીઓનું આવું જ સ્થાન છે.

આગાહ થઈ જાવ કે આ લોકો જ અસ્હાબે સહીફા (ખિલાફત વિરૂધ્ધનું લખાણ લખવાવાળા) છે તો તમારામાંથી જેને જોવું હોય તે સહીફા (લખાણ) જોઈ લે (રાવીનું બયાન છે ઉપસ્થિત સમૂહમાંથી અમૂક લોકો સિવાય કોઈએ નથી સમજી શકયા કે હઝરત કયા સહીફા (લખાણ) ની તરફ ઈશારો કરી રહ્યા છે.)

(ઉર્દુ અનુવાદક મૌલાના મકબૂલ અહેમદ સાહેબ કિબ્લા મરહૂમનું બયાન છે કે સહીફાથી મુરાદ એ સહીફા મલઉના છે જે મુનાફિકોએ

ખિલાફત છીનવી લેવા બાબતે પરસ્પર એકમત થઈ લખ્યું હતું.)

એ લોકો ! હું ઈમામત અને વિરાસતને કયામત સુધી મારી ઔલાદમાં છોડી રહ્યો છું. અને જે વાત પહોંચાડવાનો મને હુકમ આપવામાં આવ્યો હતો તેં મેં પહોંચાડી દીધો જેથી દરેક હાજર તથા ગેરહાજર ઉપર હુજ્જત તમામ થઈ જાય. અને દરેક એ શખ્સ ઉપર જે અહીં હાજર છે કે હાજર નથી, અને દરેક એ શખ્સ ઉપર જે જન્મી ચુકયા છે કે નથી જન્મ્યા, એટલા માટે કે જે હાજર છે તે દરેક ઉપર લાઝિમ - જરૂરી છે કે ગેર હાજર સુધી આ ખબર પહોંચાડી દે. અને દરેક બાપ ઉપર લાઝિમ છે કે પોતાના પુત્રને આ ખબર પહોંચાડે અને આ સિલસિલો કયામત સુધી આવી જ રીતે જારી રહે. નજીકમાં જ લોકો આને (ઈમામતને) છીનવી લઈને ( ગસ્બ કરીને)

સલ્તનત બનાવી લેશે. આગાહ રહો કે ખુદા તઆલા ગસ્બ કરવાવાળાઓ ઉપર અને તેમના સાથીઓ ઉપર લાનત કરશે. અને એજ વખતે એ બંને ગઈ ગિરોહના લોકો અમે તમારો હિસાબ લેવા માટે જલ્દીથી ફારિગ થઈ જઈશું. પછી તમો બંને ઉપર આગની લપેટ અને પીગળાવેલું તાંબુ મોકલવામાં આવશે જેને તમે બંને રોકી નહીં શકો.

એ લોકો ! બેશક ખુદાએ અઝ્ઝો જલ્લ જયાં સુધી બુરા લોકોને સારા લોકોથી અલગ ન કરી લે ત્યાં સુધી તમે જે હાલતમાં છો એમાં જ નહીં રહેવા દે, અને અલ્લાહનું કામ એ નથી તમને ગૈબની જાણ કરે.

લોકો ! કોઈ વસ્તી ( આબાદી) એવી નથી પણ અલ્લાહ તેના જુઠલાવનારાઓને તેના જુઠલાવવાના કારણે હલાક કરી દેશે. એવી જ રીતે ઝુલ્મ કરનારી દરેક આબાદીને પણ હલાક કરી

દેવાશે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવી ચુકયો છે, અને આ તમારો ઈમામ છે અને તમારો વલી છે અને આ અલ્લાહનો વાયદો છે. અને અલ્લાહે જે વાયદો તેની સાથે કર્યો છે તે સાચો કરી દેખાડશે.

લોકો ! તમારા પહેલા ઘણા લોકો બહેકી ગયા અને અલ્લાહે પહેલાના લોકોને પણ હલાક કરી દીધા અને તે પછીનાને પણ હલાક કરી દેશે. લોકો ! અલ્લાહેજ મને અમ્ર (બિલ મઅરૂફ) અને નહી (અનિલ મુન્કર) વિશેની તાલીમ ફરમાવી છે અને મેં હઝરત અલી અલયહિસ્સલામને અમ્ર અને નહી વિશેની તાલીમ ફરમાવી. તો હઝરત અલી અલયહિસ્સલામે અમ્ર અને નહીની તાલીમ ખુદાએ અઝઝો જલ્લ તરફથી મેળવી છે તેથી તમે તેના અમ્ર (બિલ મઅરૂફ)ને સાંભળો તો સલામત રહેશો અને તેની ઈબાદત (આજ્ઞા પાલન) કરો તો

હિદાયત મેળવશો અને તેના નહી (અનિલ મુન્કર) કરવાથી રોકાઈ જાવ તો સફળ થઈ જશો અને જયાં તે લઈ જાય ત્યાં જ જશો અને અનેકવિધ માર્ગો તમને તેના માર્ગથી હટાવી ન દે. હવે અલ્લાહનો સેરાતે મુસ્તકીમ છું જેની પૈરવી (અનુકરણ)નો હુકમ ખુદાએ પોતે જ તમને આપ્યો છે. મારી પછી હઝરત અલી અલયહિસ્સલામ સેરાતે મુસ્તકીમ છે અને પછી મારા ફરઝંદો જે એની નસ્લમાંથી છે ( જેઓ) એવા ઈમામ છે જે હકની રાહબરી કરશે (સત્યમાર્ગ પર લઈ જશે) તેમજ તેઓ પોતે પણ તે પર ચાલશે. પછી આં હઝરતે સૂરએ હમ્દની તિલાવત ફરમાવી અને ફરમાવ્યું કે આ મારા વિશે પણ નાઝિલ થયો છે અને આમના વિશે પણ નાઝિલ થયો છે. અને તેઓના માટે આમ (વ્યાપક) પણ છે અને તેઓના માટે ખાસ પણ

છે. તેઓ જ અલ્લાહના એવા વસી છે જેઓને ન તો આવનારી બાબતો વિશે કોઈ ખૌફ (ભય) હોય છે અને ન તો તેઓ થઈ ગયેલી બાબતો વિશે પસ્તાવો કરે છે.

આગાહ રહો કે અલ્લાહના ગિરોહ ( દળ-ટોળું)ના લોકો જ તો ગાલિબ આવનારા છે. સમજી લ્યો કે હઝરત અલી અલયહિસ્સલામના દુશ્મનો જ મુખાલેફત કરનારા ( વેર રાખનારા) અને મુનાફિકત કરનારા ( દંભી) અને નાફરમાન છે. તેઓ જ અત્યાચાર આચરનારા છે અને તેઓજ એવા શયતાનોના ભાઈ છે કે જેઓ છેતરવા માટે એકબીજાના કાનમાં શૃંગારિક જૂઠી વાતો ફૂંકયા કરે છે.

ખબરદાર થઈ જાવ કે તેના ( હઝરત અલી અલયહિસ્સલામના) ચાહવાવાળા જેટલા છે તેઓ જ પાકા મોઅમિન છે, જેમનો ઝિક્ર અલ્લાહ

તઆલાએ પોતાની કિતાબમાં કર્યો છે. તો ઈરશાદે બારી તઆલા છે "જેઓ અલ્લાહ ઉપર અને કયામતનાં દિવસ ઉપર ઈમાન રાખે છે તેવા લોકો તમને એવા લોકો સાથે દોસ્તી કરતા નહીં જોવા મળે જેઓએ અલ્લાહ તથા તેના રસૂલની મુખાલેફત કરી હોય."

આગાહ થઈ જાવ કે જે એમના દોસ્તો છે તેઓની વિશેષતા અલ્લાહ અઝઝો જલ્લએ બયાન કરી છે કે "જેઓ ઈમાન લાવ્યા છે અને પોતાના ઈમાનને ઝુલ્મના પોશાક નથી પહેરાવ્યા, અમ્નો અમાન તેઓ માટે જ છે અને તેઓ જ હિદાયત પામેલા છે."

ખબરદાર થઈ જાવ કે જેઓ તેમના દોસ્તદાર છે તેઓની વિશેષતામાં ખુદાએ અઝઝો જલ્લએ ફરમાવ્યું છે કે તેઓ અમ્નો અમાનની સાથે જન્નતમાં પહોંચશે અને ફરિશ્તાઓ તેઓને

સલામ કરતા એમ કહેતા આવશે કે તમે પાકો પાકીઝા થઈ ગયા. હવે આ જન્નતમાં હંમેશા (હંમેશા)ને માટે રહો.

આગાહ થઈ જાવ કે તેમના દોસ્તો એ છે કે જેના વિશે ખુદાએ તઆલા ફરમાવે છે કે "તેઓ હિસાબ વગર જન્નતમાં દાખલ થઈ જશે." સાવચેત થઈ જાઓ કે તેમના જ દુશ્મનો એ છે જેઓ ભડકતી આગમાં જશે. આગાહ થઈ જાઓ કે તેમના જ દુશ્મનો એ હશે કે જહન્નમની ત્રાડ (ગર્જના) સાંભળશે જયારે તે જોશ મારતી હશે અને ચીખ નીકળતી હશે. આગાહ થઈ જાઓ કે તેમના જ દુશ્મનો એ છે કે જેના વિશે અલ્લાહે ફરમાવ્યું કે "જયારે કોઈ ગિરોહ તેમાં (જહન્નમમાં) દાખલ થશે તો તે પોતાના જેવા જ ગિરોહ ઉપર લાનત કરતા હશે."

સમજી લ્યો કે તેમના દુશ્મન એ લોકો જ છે

જેઓના વિશે ખુદાએ તઆલાએ ફરમાવ્યું છે કે જયારે કોઈ ગિરોહને તેમાં (જહન્નમમાં) નાખવામાં આવશે તો તેનો (જહન્નમનો) નિગેહબાન તે લોકોને પૂછશે કે શું તમારી પાસે કોઈ ડરાવનાર આવ્યો ન હતો ? તેઓ કહેશે : હાં, ડરાવનાર (નબી) તો અમારી પાસે જરૂર આવ્યો હતો, પણ અમોને તેને જુઠલાવી દીધો હતો, અને એમ કહી દીધું હતું કે અલ્લાહે કોઈ વસ્તુ નાઝિલ નથી કરી, તમે પોતે જ ખુલી ગુમરાહીમાં છો.

સમજી લ્યો કે તેના (હઝરત અલી અલય્હિસ્સલામ તથા તેમના પછી ૧૧ ઈમામોના) ચાહવાવાળા એવા છે જે પોતાના પરવરદિગારને જોયા વગર તેનાથી ડરે છે, તેઓના માટે ગુનાહોની બક્ષિશ પણ છે અને મોટો અજર પણ.

લોકો ! જહન્નમની ભડભડતી આગમાં

અને જન્નતમાં મોટો ફર્ક છે. અમારા દુશ્મન એ છે જેની અલ્લાહે મઝમ્મત પણ કરી છે અને તેઓની ઉપર લાનત પણ કરી છે. અને અમારા દોસ્તો એ છે જેઓને અલ્લાહ તઆલા એ પણ દોસ્ત રાખ્યા છે અને તેઓની પ્રશંસા પણ કરી છે.

લોકો ! યાદ રાખો કે હું ડરાવનાર છું અને હઝરત અલી અલય્હિસ્સલામ મંઝિલે મકસૂદ સુધી પહોંચાડનાર (માર્ગદર્શક) છે, લોકો હું નબી છું અને હઝરત અલી અલય્હિસ્સલામ મારા વસી છે.

સાવચેત થઈ જાઓ કે આખરી ઈમામ કાએમે આલે મોહંમદ મહદી ( અલય્હિસ્સલામ) અમારા જ બંનેની નસ્લથી જ થશે. ખબરદાર થઈ જાઓ કે તેજ સર્વે ધર્મો ઉપર ગાલિબ આવી જશે, એ સમજી લ્યો કે ઝાલિમોથી બદલો લેનાર તેજ હશે. યાદ રાખો કે કિલ્લાઓને ફતેહ કરનાર

(વિજય મેળવનાર) અને તેનો ધ્વંશ કરનાર તેજ હશે. જાણી લ્યો કે મુશરિકોના સર્વ કબીલાઓને કત્લ કરનાર તેજ હશે. જાણી લ્યો કે ખુદાના દોસ્તોના હર ખૂને નાહકનો બદલો લેનાર તેજ હશે. જાણી લ્યો કે ખુદાએ અઝઝો જલ્લના દીનની નુસરત (મદદ) કરનાર તેજ હશે.

યાદ રાખો કે આ (ઉંડા) ગહરા સમંદરમાંથી ચુલ્લુભર લેનાર એજ હશે. જાણી લ્યો કે દરેક ફઝીલતવાળાઓને તેની ફઝીલત (શ્રેષ્ઠતા) સાથે, દરેક જાહિલ માણસોને તેની જેહાલતની સાથે તેજ સંબોધશે. એ પણ જાણી લ્યો કે તે અલ્લાહના પસંદ કરેલા અને ચૂંટેલા છે. ખબરદાર થાઓ કે તે દરેક ઈલ્મના વારિસ અને તેના પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર હશે. એ પણ જાણી લ્યો કે તે પોતાના રબ્બે અઝઝો જલ્લની તરફથી સબ્ર દેવાવાળા અને ઈમાનની બાબત ચેતવણી

આપનાર હશે. યાદ રાખો કે તે ઉચ્ચ દરજ્જાના સમજદાર અને શાંતચિત્ત હશે. એ પણ જાણી લ્યો કે સર્વે મામલાઓ તેના જ હવાલે હશે. એ પણ જાણી લ્યો કે તેની પહેલા આવનાર દરેકે તેની બશારત આપી છે. જાણી લ્યો કે હુજ્જતે ખુદા તરીકે તેજ બાકી હશે અને તેની પછી કોઈ હુજ્જત નથી. હક ફકત તેની સાથે જ હશે. અને નૂર કેવળ તેની પાસે જ હશે. જાણી લ્યો કે તેના ઉપર કોઈ ગાલિબ (પ્રબળ) નહીં થઈ શકે. અને તેના ઉપર કોઈ ફતેહ (વિજય) નહીં મેળવી શકે (કોઈ તેને પરાજિત નહીં કરી શકે). જાણી લ્યો કે તે અલ્લાહની જમીન ઉપર તેના વલી છે અને ખુદાની મખ્લૂકમાં તેના નિયુકત કરેલ હાકિમ છે. અને જાહેર તેમજ છૂપી બાબતો ઉપર ખુદાના અમીન છે. લોકો મેં તમારી સામે ખોલીને બયાન કરી દીધું અને તમને સમજાવી દીધું. હવે મારા

પછી આ હઝરત અલી અલય્હિસ્સલામ તમને સમજાવતા રહેશે. જાણી લ્યો કે હું મારો ખુત્બો પુરો થઈ જવા પછી તમને બોલાવીશ કે હઝરત અલી અલય્હિસ્સલામની બૈઅત કરવા માટે અને તેનો ઈકરાર કરવા માટે મારા હાથ ઉપર હાથ મારા પછી તેમના હાથ ઉપર હાથ મારો. આગાહ થઈ જાવ કે મેં ખુદાથી બૈઅત કરી અને હઝરત અલી અલય્હિસ્સલામે મારાથી બૈઅત કરી અને ખુદાના હુકમથી હું તેની (હઝરત અલી અલય્હિસ્સલામની) બૈઅત તમારાથી લઉં છું, હવે જો કોઈ એ (બૈઅત) તોડશે તો તેનું નુકશાન તેને પોતાને જ થશે.

લોકો! હજ અને ઉમરા, સફા અને મરવા અલ્લાહની નિશાનીઓ છે. તો જે શખ્સ ખાનએ ખુદાની હજ કરે યા ઉમરા કરે તેના માટે તે (સફા અને મરવાની) વચ્ચે તવાફ કરવામાં કોઈ વાંધો

નથી.

લોકો ! ખુદાના ઘરની હજ કર્યા કરો, એટલા માટે કે જે ખાનદાનના લોકો બયતુલ્લાહ જશે તે ગની થઈ જશે, અને જે મુસ્તતીઅ (હજ કરવા જવા માટે શક્તિમાન) હોવા છતાં હજ કરવા નહીં જાય તે ફકીર થઈ જશે. લોકો ! જે મોઅમિન મવકિફ (મૈદાને અરફાત) માં જઈને ઊભો હશે તેના તે સમય સુધીના પાછલા તમામ ગુનાહ ખુદાએ તઆલા બક્ષી દેશે. હવે જયારે હજ પુરી થવા પછી તે નવેસરથી પોતાના આમાલ શરૂ કરે. લોકો ! હજ કરવાવાળાઓને સહાય પણ આપવામાં આવશે અને જે કંઈ તેઓનો ખર્ચ થશે તેનો બદલો પણ મળશે. અને અલ્લાહ નેકી કરનારાઓના અજરને બરબાદ નહીં કરે. લોકો ! અલ્લાહના ઘરની હજ દીનને કામિલ કરીને અને ફિકહ (ના મસાએલ)ને સારી રીતે સમજીને કરો

અને મશાહિદે મુકદ્દેસા (પવિત્ર સ્થળો) થી તૌબા કર્યા વિના અને ગુનાહના ઈરાદાથી પોતાના નફસને પાક કર્યા વગર જતા નહીં. લોકો નમાઝ પડો અને ઝકાત આપો જેનો ખુદાએ તઆલાએ તમને હુકમ આપ્યો છે. અગર તમારી મુદત વધારી દેવામાં આવે અને તમારાથી (કંઈ) ક્ષતિ થઈ જાય અથવા તમે ભુલી જાવ તો આ હઝરત અલી અલય્હિસ્સલામ તમારો હાકિમ છે અને તમારા માટે તે બાબતોને સ્પષ્ટ બયાન કરશે. ખુદાએ અઝઝો જલ્લએ તેને જ મારી પછી નિયુક્ત કર્યા છે અને તેને જ મારા અને પોતાના (ખુદાના) ખલીફા બનાવ્યા છે. તમે જે કંઈ ખુદાની વાતો તેમને પૂછશો તે તમને બતાવશે અને જે કંઈ તમે નથી જાણતા તે તમારા માટે સ્પષ્ટતાથી બયાન કરશે.

આગાહ રહો કે બેશક હલાલ અને હરામની

સંખ્યા જો સિમિત કરવામાં આવે અને હું તમને એ બધી ઓળખાવું એનાથી ઘણીયે વધારે છે. હા, એક જ મકામ પર હલાલને બજાવી લાવવાનો હુકમ આપું છું અને હરામ કામો કરવાની મનાઈ કરૂ છું. તો મને હુકમ આપવામાં આવ્યો છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ અને તેની પછી જે ઈમામો આવશે જેઓ મારાથી અને હઝરત અલી અલયહિસ્સલામથી છે જેઓ કયામત સુધી હક ઉપર કાએમ રહેનાર એક ગિરોહ હશે. મહદી અલયહિસ્સલામ પણ તેઓમાંથી હશે જે હકની સાથે ફેંસલો કરશે તેઓ સર્વોના બારામાં જે કંઈ ખુદાની તરફથી મારી પાસે આવ્યું છે તે કબૂલ કરવા માટે તમારાથી બયઅત લઉં. તેથી હવે તમે મારા હાથ ઉપર હાથ મારો.

લોકો! દરેક હલાલ (ચીજ) જે હું તમને

બતાવી ચૂકયો છું અને દરેક હરામ (ચીજ) જેની હું તમને મનાઈ કરી ચૂકયો છું, સારી રીતે સમજી લ્યો. તેનાથી હું કયારેય પાછો નહીં હટું. અને કયારેય હું બદલીશ નહીં. તેથી તમે પણ આને યાદ રાખો, તેની હિફાઝત કરો અને એ વિશે એકબીજાને ભલામણ કરતા રહો અને આને કયારેય બદલશો નહીં તેમજ કયારેય એમાં ફેરફાર નહીં કરતા. જુઓ હું ફરી તમને એ વાત યાદ દેવરાવું છું યાદ રહે કે નમાઝ પડો, ઝકાત આપો, નેક કામો નો હુકમ (અમ્ર બિલ મઅરૂફ) કરતા રહો અને બુરાઈથી રોકતા રહો. (નહી અનિલ મુન્કર કરતા રહો.) એ પણ સમજી લ્યો કે નેકીનો હુકમ કરવામાં મુખ્ય વાત એ છે કે મારા કહેવા પ્રમાણે અમલ કરો. અને મારી વાત સાંભળવા માટે જે હાજર નથી રહ્યા તેના સુધી પહોંચાડી દયો અને તેઓને મારી વાત મનાવી લ્યો. અને તેનો વિરોધ

કરવાથી તેને રોકો એટલા માટે કે અલ્લાહ અઝઝો જલ્લનો હુકમ છે અને મારો પણ આજ હુકમ છે. અને ઈમામે માસૂમની વગર ન તો અમ્ર બિલ મઅરૂફ થઈ શકે છે, નતો નહી અનિલ મુન્કર થઈ શકે છે.

લોકો ! કુરઆને મજીદ તમને ભારપૂર્વક નિર્દેશ કરે છે કે તેની ( હઝરત અલી અલય્હિસ્સલામ) પછી ઈમામો તેની જ ઔલાદમાંથી હશે અને હું પણ તમને કહી ચૂકયો છું કે આ (હઝરત અલી અલય્હિસ્સલામ) મારાથી છે અને હું તેનાથી છું. જે બાબતે ખુદા કુરઆને મજીદમાં ફરમાવે છે "અને તેણે, તેને, તેની નસ્લમાં બાકી રહેનાર કલમા કરાર દઈ દીધો." અને હું એ કહી ચૂકયો છું કે જયાં સુધી આ બન્નેથી તમે જોડાયેલા રહેશો તો કયારેય ગુમરાહ નહીં થાવ.

લોકો ! પરહેઝગારી ઈખ્તિયાર કરો. પરહેઝગારી ઈખ્તિયાર કરો. કયામતથી ડરો જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે કે કયામતનો ઝલઝલો (ધરતીકંપ) બહુ જ મોટી ચીજ છે. મૌતને યાદ કરો. હિસાબને યાદ કરો. આલમીનના પરવરદિગારની બારગાહમાં જાંચ-તપાસ અને જવાબ દેવાને યાદ કરો. સવાબ અને અઝાબને યાદ કરો. જે શખ્સ ખાસ નેકી લઈને આવશે તેને સવાબ આપવામાં આવશે અને જે શખ્સ ખાસ બદી લઈને આવશે જન્નતમાં તેનો કોઈ હિસ્સો નથી.

લોકો ! તમારામાંથી એવા તો ઘણા છે કે એક હાથથી મારી બયઅત કરે છે પરંતુ અલ્લાહે મને એ હુકમ આપ્યો છે કે હું તમારી જીભેથી પણ એ વાતની કબૂલાત લઈ લઉં કે મેં હઝરત અલી અલયહિસ્સલામ માટે મોઅમિનોની અમીરી

(સરદારી-હાકિમ) મુકર્રર કરી દીધી. (હઝરત અલી અલયહિસ્સલામને મોઅમિનોના અમીર મુકર્રર કરી દીધા.) અને તેના પછી તે ઈમામો માટે જેઓ મારાથી પણ છે અને તેનાથી પણ છે. જેમકે હું તમને જણાવી ચૂકયો છું કે મારો વંશ તેના (હઝરત અલી અલયહિસ્સલામના) સંતાનોથી છે. હવે તમે બધા સાથે મળીને બોલો કે તમે અમારા અને તમારા પરવરદિગાર તરફથી હઝરત અલી અલયહિસ્સલામ વિશે તથા તે ઈમામો વિશે જેઓ તેમના વંશમાંથી અને તેમની ઔલાદમાંથી હશે, જે કંઈ પહોંચાડયું અમે તેને સાંભળનારા છીએ અને માનનારા છીએ. અમે તેના પર રાઝી છીએ, ઈતાઅત માટે તૈયાર છીએ. અમે અમારા દિલથી, જાનથી, જીભથી અને હાથથી તેના ઉપર બૈઅત કરીએ છીએ. તેના ઉપર જ અમે જીવશું. તેના ઉપર મબઉસ થઈશું. ( કબ્રમાંથી ઉઠશું) અમે

આમાં કંઈ બદલાવ કે ફેરફાર નહીં કરીએ. ન તો આમાં કશા શક અને સંદેહને સ્થાન આપીએ ન કયારેય વચનથી ફરી જઈશું ન તો વાયદાનો ભંગ કરીશું અને અલ્લાહની ઈતાઅત કરીશું અને આપની તથા હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અલય્હિસ્સલામની ઈતાઅત કરીશું. તેમજ તે ઈમામોની ઈતાઅત કરીશું. જે તેની ઔલાદમાંથી છે જેનો આપ ઝિક્ર ફરમાવી ચૂકયા કે આપના સંતાનોમાંથી અને તેમના વંશમાંથી હઝરત હસન અને હુસૈન અલય્હેમુસ્સલામ પછી થશે.

હસનૈન અલય્હેમુસ્સલામનો સંબંધ અને સ્થાન જે મારાથી છે એ હું તમને જણાવી ચૂકયો છું, તેમજ મારા રબની પાસે આ બંનેનું જે સ્થાન છે તે પણ હું તમને સારી રીતે બતાવી ચૂકયો છું. આ બંને જન્નતના જવાનોના સરદાર છે. અને આ બન્ને પોતાના પિતા હઝરત અલી

અલયહિસ્સલામના પછી ઈમામ થશે. હુકમે ખુદાથી હઝરત અલી અલયહિસ્સલામની પહેલા હું આ બંનેનો બાપ છું.

અને એમ પણ કહો કે આ મામલામાં અમે અલ્લાહની ઈતાઅત કરી અને આપની ઈતાઅત કરી અને હઝરત અલી અલયહિસ્સલામની ઈતાઅત કરી અને હસન તથા હુસૈન અલયહેમસ્સલામની તથા તે ઈમામોની ઈતાઅત કરી જેનો આપે ઝિક્ર કર્યો છે. આ પ્રતિજ્ઞા અને એકરાર છે જે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામને માટે અમારા દિલથી, અંતરઆત્માથી, જીભથી અને તેના ( હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના) હાથમાં હાથ દઈને કરેલ છે. જેણે તે બંને ( હસનૈન અલયહેમસ્સલામ)ને પોતાના હાથમાં લઈને અને પોતાની જીભથી પણ તેઓ

બન્ને ( ની બુઝુર્ગી)નો ઈકરાર કર્યો. અમે આના બદલે બીજા કોઈને નહીં ઈચ્છીએ અને જયાં સુધી અમારા જીવમાં જીવ બાકી છે. કયારે પણ આ એકરારથી ફરી નહીં જઈએ. અમે અલ્લાહને ગવાહ બનાવીએ છીએ અને અલ્લાહ ગવાહી આપવા માટે કાફી છે અને આપ પણ આ મામલામાં અમારા ગવાહ રહો અને દરેક એ શખ્સ ગવાહ રહે જે ખુદાનો ફરમાંબરદાર છે ચાહે તે જાહેર હોય કે છૂપો અને ખુદાએ તઆલાના ફરિશ્તાઓ અને તેનું લશ્કર અને તેના બંદાઓ પણ ગવાહ રહે અને સઘળા ગવાહોથી મહાન ખુદ ખુદાએ તઆલા ગવાહ છે.

લોકો ! તમે શું કહી રહ્યા છો ? બેશક અલ્લાહ દરેક અવાજને જાણે છે, અને દરેક અંતરઆત્માની છુપી વાતોને જાણે છે. હવે જે હિદાયત મેળવે તો તે પોતાની બહેતરી માટે છે.

અને જે ભટકી જાય તો તે ખુદ પોતાને જ નુકશાન પહોંચાડશે. અને જે બયઅત કરે તે અલ્લાહથી બયઅત કરશે. એટલે કે તેના હાથ ઉપર ખુદાનો હાથ હશે.

લોકો ! અલ્લાહથી ડરો. અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ તથા હસન અને હુસૈન અલય્હેમસ્સલામ તથા તે ઈમામો (અલય્હેમુસ્સલામ) જે કલેમાએ તૈયબા બાકીયા છે તેઓની બયઅત કરી લ્યો. (આના પછી) જે બેવફાઈ કરશે અલ્લાહ તેને હલાક કરી દેશે. અને જે વફાદારી કરશે અલ્લાહ તેના ઉપર રહેમ ફરમાવશે. અને જે આ બયઅતને તોડી નાખશે તો તોડવાનું નુકશાન તેને પોતાને જ થશે.

લોકો ! જે કંઈ હું તમને કહી ચૂકયો છું તે કહો અને આ સમયથી જ હઝરત અલી અલય્હિસ્સલામને અમીરૂલ મોઅમેનીન કહીને

સલામ કર્યા કરો. અને એમ પણ કહો કે અમે સાંભળ્યું અને માની લીધું. એ અમારા પરવરદિગાર! અમે તારી બક્ષિશના તલબગાર છીએ અને તારી તરફ જ પાછા ફરવાનું છે. અને એમ પણ કહો કે સર્વે વખાણ તે અલ્લાહને માટે જ લાયક છે જેણે અમને આ વાતોની હિદાયત કરી. અને જો અલ્લાહ અમારી હિદાયત ન કરતે તો અમે હિદાયત ન પામતે.

લોકો ! અલ્લાહની સમક્ષ અલી બિન અબી તાલિબ અલય્હિમસ્સલામના ફઝાએલ પુષ્કળ છે. અને જે કંઈ તેણે મારા ઉપર કુરઆને મજીદમાં નાઝિલ ફરમાવ્યા છે. તે એથી તો ઘણા જ વધારે છે કે કોઈ એક જ જગ્યાએ મારા ખુત્બામાં તે બધા હું બયાન કરી શકું. તો જે કોઈ તે ફઝાએલ તમને બયાન કરે અને તેનું વર્ણન કરે તો તેનું સમર્થન કરો. (માન્ય રાખજો.)

લોકો ! જે અલ્લાહની અને તેના રસૂલની અને હઝરત અલી અલયહિસ્સલામની અને તે ઈમામોની જેનો હું ઝિક્ર કરી ચૂકયો છું, ઈતાઅત કરશે ચોક્કસ તે બહુ મોટી સફળતા પ્રાપ્ત કરશે. લોકો ! અલી અલયહિસ્સલામની બયઅત કરવામાં તેનાથી મોહબ્બત રાખવામાં તેમજ તેમને અમીરૂલ મોઅમેનીન માનવામાં જે મોખરે હશે. તે લોકો જ જન્નતની નેઅમતો માટે કામ્યાબ હશે.

લોકો ! એવું જ બોલો જે વાતો બોલવામાં અલ્લાહ તમારાથી રાઝી હોય. તો જો તમે અને જમીન ઉપર જેટલા પણ છે તેઓ બધા જ કાફિર થઈ જાય તો અલ્લાહનું કોઈ કંઈ નહીં બગાડે.

યા અલ્લાહ તું દરેક મોઅમિન મર્દો અને મોઅમિન ઔરતોને બક્ષી દે. અને દરેક કાફિર મર્દો અને ઔરતો ઉપર તારો ગઝબ નાઝિલ કર. અને

દરેક પ્રકારની પ્રશંસા સકળ સૃષ્ટિના પાલનહાર અલ્લાહ માટે જ લાયક છે.